## Always she in you
### હંમેશા મા ભગવતી તમારામાં

Let no demand or insistence creep in to stain the purity of the self-giving and the sacrifice. ......

Let your faith, your sincerity, your purity of aspiration be absolute and pervasive of all the planes and layers of the being; ......

The last stage of this perfection will come when you are completely identified with the Divine Mother and feel yourself to be no longer another and separate being, instrument, servant or worker but truly a child and eternal portion of her consciousness and force. Always she will be in you and you in her;

**કોઈ** પણ માગણી કે આગ્રહનું તત્ત્વ સરકી આવી તમારા આત્મ-અર્પણની તથા બલિદાનની વિશુદ્ધિને કલંક લગાડે તેવું ન થવા દેશો.

તમારી શ્રદ્ધા, તમારી સત્યનિષ્ઠા, તમારી અભીપ્સાની વિશુદ્ધિ સંપૂર્ણ કોટિની બની રહે તેમ થવા દો તથા તે તમારા સ્વરૂપની સર્વ ભૂમિકાઓમાં તથા સ્તરોમાં વ્યાપી જાય તેમ થવા દો.

અને તમે જ્યારે મા ભગવતી સાથે સંપૂર્ણ તાદાત્મ્ય પામી જશો, તમે પોતે એક બીજી અને અલગ એવી વ્યક્તિ છો, તમે કરણ છો, સેવક કે કામ કરનાર છો એવું તમને જ્યારે જરા પણ લાગશે નહિ, પણ તમે એ મા ભગવતીની ચેતનાના અને શક્તિના સાચેસાચ બાળક છો તથા તેનો શાશ્વત અંશ છો એમ તમારે પોતાને વિષે અનુભવશો ત્યારે આ પૂર્ણતાની છેલ્લી અવસ્થા પ્રાપ્ત થશે. હંમેશા મા ભગવતી તમારામાં રહેતાં હશે અને તમે તેમનામાં.

- Sri Aurobindo

- શ્રી અરવિન્દ

---

**The Mother : p.21/22-23/24-25.**
મા ભગવતી — : પૃ.૨૧/૨૨-૨૩/૨૪-૨૫.
સુન્દરમે કરેલો અનુવાદ.

**From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2.✆ 0413-2331470**
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • **March 2020**
**https://themothersprosperity.org**

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2020**
MARCH
૧ માર્ચ, ૨૦૨૦

### —— PUT Everything into Her Hands ——

| Only Object in Action | Intimate Contact | Always she in you |
|---|---|---|
| કર્મની અંદર એક જ લક્ષ્ય | ગાઢ સંપર્ક | હંમેશા મા ભગવતી તમારામાં |

### —— હરેક ચીજ તેના હાથમાં મૂકી દો ——



**Life is meant for seeking the Divine,**
**Life is realised when finding the Divine.**

[ February 1971: The Mother gave this special message for *Prosperity* ]

**જીવન છે પ્રભુને શોધવા માટે,**
**જીવનની સિદ્ધિ બને છે પ્રભુ મળે છે ત્યારે.**

[ ફેબ્રુઆરી ૧૯૭૧: સિદ્ધિ-રિદ્ધિ માટે શ્રી માતાજીએ આપેલો ખાસ સંદેશ ]

- શ્રી માતાજી

## Only Object in Action
## કર્મની અંદર એક જ લક્ષ્ય

All your life must be an offering and
a sacrifice
to the Supreme;
your only object in action shall be
to serve,
to receive,
to fulfil,
to become a manifesting instrument of
the Divine Shakti in her works.

**તમારું** આખુંયે જીવન પરમાત્માને એક અર્પણ રૂપે અને યજ્ઞ રૂપે બની રહેવું જોઈએ. કર્મની અંદર તમારું કેવળ એક જ લક્ષ્ય હોવું જોઈએ અને તે એ કે તમે કર્મમાં પ્રવૃત્ત બનેલી દિવ્ય શક્તિની સેવા કરો, એ તમને જે આપે તે ઝીલો, એના હેતુને સિદ્ધ કરો, એનું તમે એક આવિર્ભાવ માટેનું કરણ બની રહો.

## Intimate Contact
## ગાઢ સંપર્ક

The joy of service and the joy of inner growth through works is the sufficient recompense of the selfless worker.

But a time will come when you will feel more and more that you are the instrument and not the worker. For first by the force of your devotion your contact with the Divine Mother will become so intimate that at all times you will have only to concentrate and to put everything into her hands to have her present guidance, her direct command or impulse, the sure indication of the thing to be done and the way to do it and the result.

**સેવાનો** આનંદ અને કર્મો દ્વારા આંતરિક વૃદ્ધિનો આનંદ એ નિ:સ્વાર્થભાવી કાર્યકર્તા માટે એક પૂરતો બદલો બની રહે છે.

પણ એક સમય એવો આવશે કે જ્યારે તમને વધુ ને વધુ એમ થતું રહેશે કે તમે પોતે કર્તા નથી પણ કરણ છો. કેમકે પ્રથમ તો તમારી ભક્તિના બળે મા ભગવતી સાથે તમારો સંપર્ક એવો ગાઢ બની રહેશે કે કોઈ પણ ક્ષણે તમે બસ માત્ર એકાગ્ર થઈ જાઓ અને હરેક ચીજ તેના હાથમાં મૂકી દો એટલું જ તમારે કરવાનું રહેશે અને તત્ક્ષણે જ તમને તેના તરફથી પ્રત્યક્ષ માર્ગદર્શન મળી રહેશે, તેની સીધી આજ્ઞા કે પ્રેરણા મળી રહેશે, કઈ વસ્તુ કરવાની છે, કેવી રીતે કરવાની છે અને તેનું પરિણામ શું આવશે તેનું પાકું સૂચન મળી રહેશે.